## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ થોડા માટે આપણો યજ્ઞ રહી જાય છે... ચિંતન કરવા છતાં ખબર નથી પડતી... એક જ ઉપાય છે... ગંગારામને પુછીએ....!!**

# લીંબડીયા ગામની મહિલા સરપંચને મારી નાંખવાની ધમકી

## ગામમાં ગટરલાઈનના કામ બાબતે બોલાચાલી થઈ : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક સ્થિત લીંબડીયા ગામમાં ગટરલાઈનના કામ બાબતે ગઈ કાલે માથાકુટ થવા પામી હતી. ગામની મહિલા સરપંચ રીંકુબેન હર્ષદભાઈ પટેલ સાથે બોલાચાલી કરીને ગામના નારણ બાબરભાઈ દેસાઈ નામના શખ્સે મારી નાંખવાની ધમકી આપી હતી. ગ્રામ પંચાયતના નિયમ વિરૂદ્ધ નારણભાઈએ પીવાના પાણીનું કનેકશન ન લીધું હોવાથી તે બાબતે સરપંચે જાણ કરતા નારણ દેસાઈ મારઝુડ કરવા પહોંચી ગયા હતા. મહિલા સરપંચના પતિ ત્યાં પહોંચી જતા બચાવી લઈ ત્યાંથી નીકળી ગયા હતા. આ મામલે મહિલા સરપંચે લેટર પેડ પર પોલિસ સ્ટેશન ખાતે જાણ કરતા ડભોડા પોલીસે નારણ દેસાઈ સામે આઈપીબીની કલમ ૨૯૪ (ખ), ૫૦૪, ૫૦૬ (૨) મુજબ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. ગુનાની તપાસ એએસઆઈ મહેન્દ્રસિંહે શરૂ કરી છે.

## પત્નિને ત્રાસ આપી મારઝુડ કરનાર વોન્ટેડ પતિ ઝડપાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસ.ઓ.જી. પી.આઈ. પી.બી. ચૌહાણની ટીમે નાસતા ફરતા આરોપીઓને પકડવા તજવીજ શરૂ કરી છે. દરમિયાન બાતમીને આધારે પીએસઆઈ એમ.આર. પુવાર તથા એએસઆઈ ગૌતમભાઈ, સીરાજભાઈ, જયંતીભાઈ, કનકસિંહ તથા જશુભાઈ સહિતના સ્ટાફે સે-૭ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં એક વર્ષથી વોન્ટેડ આરોપીને પકડી પાડયો છે. આઈપીસી કલમ ૪૯૮ (ક), ૩૨૩, ૫૦૪ના ગુનામાં વોન્ટેડ પતિ મુકેશ ગુલાબજી ઝાલાને આજે પથિકાશ્રમ પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પત્નિને શારિરીક માનસિક ત્રાસ આપી પતિએ મારઝુડ કરી મારી નાંખવાની ધમકી આપી હતી.

## બુધ સંક્રમણની ઘટના નિહાળવા નિસર્ગ સાયન્સ સેન્ટ્રર દ્વારા આયોજન

ગાંધીનગર, તા.૭

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા બુધ સંક્રમણની અનોખી ખગોળીય ઘટના નિહાળવા માટે તા. ૯મે ના રોજ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ ખગોળીય ઘટના સાંજના ૪.૩૦થી ૬.૩૦ કલાક દરમિયાન જોઈ શકાશે. આ ઘટના નિહાળવા સાયન્સ સેન્ટર દ્વારા ટેલિસ્કોપની વ્યવસ્થા કરવામાં આવી છે. વધુમાં સોલાર સૂર્યદર્શકથી પણ આ ઘટના નિહાળી શકાય તેવું આયોજન કરાયું છે. બુધ સંક્રમણની અનોખી ઘટના નિહાળવાના કાર્યક્રમમાં સાયન્સ કલબના વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ જોડાઈ શકે છે. માટે ઈચ્છુક નાગરિકોએ નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે હાર્દિક મકવાણા તેમજ શિવાંગ પટેલ મો.નં. ૯૦૯૯૩ ૮૨૯૩૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીનગર જિલ્લા પંચાયતના એ.ડી.એચ.ઓ. ડો. પિયુષ પટેલે તાજેતરમાં હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને હોસ્પિટલના વિવિધ વિભાગોમાં ફરીને બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ જરુરી સુચન હોસ્પિટલના સતાવાળાઓને કર્યા હતા. આ પ્રસંગે સિવિલના આર.એમ.ઓ ડો. કલ્પેશ શાહ, એસઆઈ ભરત બારોટ સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો.

## જૈનોને લઘુમતીનો દરજ્જો આપવા રાજ્ય સરકારનો નિર્ણય : ભાજપનો આવકાર

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સરકારે જૈનોને લઘુમતીનો દરજ્જો આપવાનો નિર્ણય આજરોજ કરાયો હતો. પ્રદેશ ભાજપના પ્રમુખ વિજયભાઈ રૂપાણીએ નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે, લાંબા સમયથી પડતર બાબતનો હકારાત્મક નિર્ણય કરવા બદલ આનંદીબેન પટેલને અભિનંદન આપીએ છીએ.

શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, આજના નિર્ણયથી ગરીબ જૈન બાળકોને શિષ્યવૃત્તિ અને શૈક્ષણિક લાભો મળી શકશે. આ ઉપરાંત જૈન સમાજની સંસ્થાઓને અને યુવાનોને આનો સીધો લાભ મળશે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં આકરી ગરમીને કારણે ૧૨ થી ૪ દરમ્યાન વાહન-વ્યવહાર અને જન-જીવન થંભી જાય છે.
- સચિવાલય સહકારી ઉપાહાર ગૃહનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં ૨૫ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે.
- આગામી ૧૮મીએ જિલ્લા પંચાયતની અપીલ સમિતિની બેઠક મળશે.
- જિલ્લા કલેકટર કચેરીમાં આવકના દાખલાઓ મેળવવા માટે લાંબી લાઈનો રોજેરોજ લાગી રહી છે.
- કલેકટર કચેરીના બીજા અને ત્રીજા માળે વોટરકુલરો બંધ હોવાથી આટલી ગરમીમાં પણ કર્મચારીઓને ગરમ પાણી પીવુ પડે છે અથવા તો ઘરેથી ઠંડા પાણીની બોટલો લઈ આવવુ પડે છે.

## વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સૂચિત સંસ્કૃત પાઠશાળા શરૂ કરાશે

ગાંધીનગર, તા.૭

શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બ્રાહ્મણ ઋષિકુમારોને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અર્થવવેદ તથા પુરાણલક્ષી શાસ્ત્રોનું જ્ઞાન, જયોતિષલક્ષી જ્ઞાન માટેની સંસ્કૃત પાઠશાળાનો શુભારંભ કરવામાં આવશે. આ પાઠશાળામાં વિધ્વાન ગુરૂજનો દ્વારા ઋષિકુમારોને વૈદિકજ્ઞાન પ્રાપ્ત કરાવવામાં આવશે. આ શાળામાં વૈદિકજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેના માટે રહેવા જમવાની તેમજ શૈક્ષણિક ફી સાથે વાર્ષિક માનદ ફી થી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ મેળવનાર ઋષિકુમારોએ ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલ હોવો જોઈએ તોજ પ્રવેશ પાત્ર ગણાશે. આ પાઠશાળામાં પ્રવેશ બાબતે વધુ માહિતી મેળવવા અજીતકુમાર રાવલ ૮૧૪૧૨ ૩૯૫૫૦ પર સંપર્ક સાધવાનો રહેશે.

## બી.એડ. સેમ-૧માં એસ.જી. કોલેજનું ૯૩ ટકા પરિણામ

ગુજરાત યુનિવર્સિટી દ્વારા બી.એડ. સેમ-૧નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં માણસાની એસ.જી. રાવ કોલેજનું ૯૩ ટકા પરિણામ આવ્યુંછે. કોલેજમાંપ્રથમ ત્રણ નંબરે મયુર શ્રીમાળી, વિપુલ પરમાર અને પાર્થ પટેલનો સમાવેશ થયો છે.

# સાંધાના દુઃખાવાના દર્દીઓનો કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૭

શ્રી એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગરના સૌજન્યથી વરેણ્યમ પરિવારના નટુભાઈ પટેલ (હોલીસ્ટીક હીલર-યુ.એસ.એ.) જય ભગવાન એક્યુપ્રેસર સેન્ટર ગાંધીનગરના સહયોગથી પામોલ ગામે તા. વિજાપુર ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતુ. ટ્રસ્ટના ચેરમેન મણીભાઈ ચૌધરીએ સર્વેને આવકારી મહેમાનોનો પરિચય કરાવી સ્વાગત કરેલ હતુ. નટુભાઈ પટેલ (હોલીસ્ટીક હીલ્સ, યુ.એસ.એ.) સાંધાના દુઃખાવાના રોગ કેમ થાય છે, તે માટે શું કરવું જોઈએ, રોગ થતા અટકાવવા શું કરવું જોઈએ, આહાર કેવો લેવો તે વિષે મનનીય પ્રવચન આપેલ હતું.



૨૪૦ દર્દીઓએ કેમ્પમાં ભાગ લીધેલ હતો. મોટાભાગના ઢીંચણના દુઃખાવાના દર્દીઓ હતા. તપાસી સારવાર કરી જરૂરિયાતવાળા દર્દીઓને મેગ્નેટીક બેલ્ટ ટ્રસ્ટ તરફથી આપવામાં આવ્યા હતા.

પામોલ ગામ સમસ્ત વાડીના કાર્યકરો તથા ગામના આગેવાનોને કાર્યક્રમને સફળ માટે પ્રયત્નો કરેલ હતા. ચૌધરી ટ્રસ્ટે પરિવારના વડીલોની પુણ્યતિથિ નિમિત્તે સેવાયજ્ઞનું આયોજન કરેલ હતું.


